ગ્રામવિકાસ વિભાગ હસ્તકની જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાની કરાર આધારિત જગ્યાઓના રિન્યુઅલ અને પગાર વધારાની સત્તાઓ કમિશનર ગ્રામવિકાસની કચેરીને સોંપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૨૦૧૬/૭૧૧૯૪૩/ખ.૧
બ્લોકનં.૧૧/૨, સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬ /૦૪ /૨૦૧૭

આમુખ :

ગ્રામવિકાસ વિભાગ હસ્તક પંચસ્તંભની યોજનાઓની અમલવારી કરવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના, રાષ્ટ્રીય આજીવિકા મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાઓ પંચસ્તંભની યોજનાઓ છે. આ યોજનાઓના અમલીકરણ માટે સરકારશ્રી ધ્વારા દરેક યોજનાની કરાર આધારિત જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના સંચાલન માટે, તાલુકા માટે , કલસ્ટર માટે તથા ગ્રામ્ય કક્ષાએ પંચસ્તંભની યોજનાઓના સંચાલન માટે પણ કરાર આધારિત જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

ગ્રામવિકાસ વિભાગ હસ્તકની કમિશનર ગ્રામવિકાસની કચેરીના તાબા હેઠળ આવતી જિલ્લા, તાલુકા, કલસ્ટર અને ગ્રામ કક્ષાની જગ્યાઓના કરાર રિન્યુઅલની અને દરેક કરાર આધારિત કર્મચારીના વાર્ષિક મૂલ્યાંકન બાદ જે તે યોજનાની ઠરાવમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પગાર વધારો કરવાની જિલ્લા અને તાલુકા કક્ષાએ અપાયેલ સત્તાઓ કમિશનરશ્રી, ગ્રામવિકાસને સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ ::

ગ્રામવિકાસ હસ્તકના જિલ્લા, તાલુકા, કલસ્ટર અને ગ્રામ્ય કક્ષાએ કરાર આધારિત ફરજ બજાવતા તમામ કર્મચારીઓના કરાર રિન્યુઅલ અને પગાર વધારાની સત્તાઓ કમિશનરશ્રી, ગ્રામવિકાસને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે. ગ્રામવિકાસ વિભાગના પાંચ સ્તંભો હેઠળ ફરજ બજાવતા કરાર આધારિત દરેક કર્મચારીના કરાર રિન્યુઅલ અને વાર્ષિક મૂલ્યાંકન બાદ ૧૧ માસના અંતે કરવામાં આવતા પગાર વધારાની દરખાસ્તો જિલ્લા કક્ષાએથી કમિશનરશ્રી, ગ્રામવિકાસની કચેરીને મોકલવાની રહેશે. તમામ યોજનાઓ હેઠળની કરાર આધારિત જગ્યાઓની ફાઈલ પર અધિક કમિશનરશ્રી (મહેકમ) ને મંજૂરી અર્થે રજૂ કરી, મંજૂરી મેળવી રિન્યુઅલ અને પગાર વધારાની કાર્યવાહી કરાવવાની રહેશે.

ગ્રામવિકાસની વિવિધ યોજનાઓના જે કરાર આધારિત કર્મચારીઓ હાઈકોર્ટમાં ગયેલ હોય અને કરાર પૂરો થતાં આઉટસોર્સીંગથી જોડાવા માગતા હોય તેવા કર્મચારીઓ ઓપ્શન ફોર્મ ભરી આઉટસોર્સીંગના ધોરણે જોડાઈ શકશે અને તેઓ નવો નિયત પગાર મેળવવાપાત્ર થશે. પરંતુ જે કરાર આધારીત કર્મચારીઓ હાઈકોર્ટમાં ગયેલ હોય અને કરારના ધોરણે ચાલુ રહેવા માગતા હોય તેવા કર્મચારીઓને કરારના ધોરણે છેલ્લે મળતો પગાર મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( યુ.યુ.પઠાણ )
ઉપસચિવ
પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

નકલ રવાના :

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. તમામ માન.મંત્રીશ્રી/ માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/ અમદાવાદ.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. અગ્ર સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સચિવાલયના સર્વે વિભાગો.
૧૫. અધિક કમિશ્નરશ્રીઓ, કમિશ્નર ગ્રામવિકાસની કચેરીની સર્વે શાખાઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૬. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, પી.એમ.કે.એસ.વાય., કમિશનર ગ્રા.વિ.ની કચેરી, ગાંધીનગર
૧૭. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ., ઉદ્યોગભવન, ગાંધીનગર
૧૮. અધિક વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, , ગાંધીનગર
૧૯. સર્વે કલેક્ટરશ્રીઓ, જિલ્લા(તમામ) કમિશ્નરશ્રી (ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૦. ચેરમેન--વ--જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ (ગ્રામ.વિકાસની કચેરી મારફત)
૨૧. નિયામકશ્રી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, તમામ(ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૨. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
૨૩. શાખા ફાઈલ / પસંદગી ફાઈલ.